# 3 અદાલતો શા માટે ?

**વાર્તા વાંચો અને કહો :**

એક હતો બાદશાહ. બાદશાહનો વિશાળ મહેલ. મહેલથી થોડે દૂર એક નદી. અહીં નગરના ધોબી રોજ કપડાં ધોતા. એક દિવસની વાત છે. એક ધોબી અને તેની પત્ની મોડે સુધી કપડાં ધોતાં રહ્યાં. કપડાં ધોઈ લીધાં પછી પરત ફરતાં અંધારું થઈ ગયું હતું. એટલામાં મહેલની દિશામાંથી ગોળી છૂટી. ગોળી સીધી ધોબીને વાગી. તે લોહીલુહાણ બની ત્યાં જ ઢળી પડ્યો.

બીજા દિવસે ધોબણ દરબારમાં ન્યાય માંગવા ગઈ. બાદશાહે ધોબણની વાત સાંભળી. ધોબણે કહ્યું કે, 'ગોળી મહેલમાંથી જ આવી હતી.' બાદશાહે થોડો વિચાર કરી તેને બીજા દિવસે આવવાનું કહ્યું.

બાદશાહે તપાસ કરી. બંદુકની ગોળી બાદશાહનાં બેગમે જ છોડી હતી. બેગમને શિકાર કરવાનો શોખ હતો. તેનો ઈરાદો ધોબીને મારી નાખવાનો ન હતો.



3.1 સાચો ન્યાય

બીજો દિવસ થયો. દરબાર ભરાયો હતો. ધોબણ આવી. તેણે બાદશાહ પાસે ન્યાય માંગ્યો. બાદશાહ કહે : 'હા... હું ન્યાય કરીશ.' બધા દરબારી શાંતચિત્તે સાંભળતા હતા.

**વિચારો**

બાદશાહે શું ચુકાદો આપ્યો હશે ?

**અવલોકન કરો અને લખો :**



3.2 ન્યાયદેવી

- આ ચિત્રમાં શું દેખાય છે?
- આ મૂર્તિમાં શું ખાસ છે?
- આ મૂર્તિ શાનું પ્રતીક છે?
- હાથમાં ત્રાજવું કેમ રાખ્યું હશે?
- મૂર્તિના હાથમાં તલવાર શું સૂચવે છે?
- આ મૂર્તિ કયા નામે ઓળખાય છે?
- હાથમાં રહેલ ત્રાજવું કેમ સરખું છે?
- ન્યાયની દેવીને આંખે કેમ પાટા બાંધ્યા છે?
- ન્યાયની દેવી ખોટો ચુકાદો કેમ ન આપે?

**વાંચો અને સમજો :**

- આપણો દેશ લોકશાહી દેશ છે.
- આપણા દેશનું ન્યાયતંત્ર સ્વતંત્ર અને નિષ્પક્ષ છે.
- દેશના કાયદાનું પાલન ન કરનાર ગુનેગાર છે.
- ગુનો કરનાર વ્યક્તિ બીજાનો હક છીનવે છે.
- આપણા દેશમાં સળંગ ન્યાયતંત્રની વ્યવસ્થા છે.
- તાલુકા, જિલ્લા અને રાજ્ય કક્ષાની અદાલતો છે.
- આ અદાલતો તાલુકા, જિલ્લા અને વડી અદાલત કહેવાય છે.
- આપણા દેશમાં દીવાની અને ફોજદારી દાવાઓ અંગે ન્યાય આપવામાં આવે છે.
- ન્યાયતંત્રને ઝડપી-બિનખર્ચાળ બનાવવા લોક-અદાલતો કાર્યરત છે.

**વડી અદાલત**

↓

**જિલ્લા અદાલત**

↓

**તાલુકા અદાલત**

**વાંચો અને સમજો :**

- અદાલતોમાં સૌથી નીચલી અદાલત તાલુકા અદાલત છે.
- આવી અદાલતને ટ્રાયલકોર્ટ કહેવામાં આવે છે.
- તાલુકા અદાલતની ઉપર જિલ્લા અદાલત કાર્ય કરે છે.
- જિલ્લા અદાલતના વડા જિલ્લાની બધી અદાલતોના વડા છે.

- રાજ્યની વડી અદાલતને હાઈકોર્ટ પણ કહેવામાં આવે છે.
- હાઈકોર્ટ રાજ્યની બધી જ અદાલતોમાં મોટી અદાલત છે.
- આપણા રાજ્યની વડી અદાલત ઈ.સ. 1960 માં સ્થપાઈ હતી. તે અમદાવાદમાં આવેલી છે.



**3.3 ગુજરાતની વડી અદાલત**

### હંસાબાની જમીન :

નાનું ગામ, અહીં એક જમીનદાર રહે. આખા ગામમાં આ જમીનદાર પાસે વધારે જમીન. જમીનદારની જમીન પાસે માજીનું ખેતર. આ માજીનું નામ હંસાબહેન. તેમના ખેતરની આસપાસ જમીનદારનાં ખેતર હતાં. જમીનદારે ધીમે-ધીમે હંસાબહેનના ખેતરની આસપાસની જમીનમાં દબાણ કરવાનું શરૂ કરી દીધું. આખા ગામમાં વધારે જમીન ધરાવતા આ જમીનદારથી સૌ ડરે.

આમ કામ કરતાં-કરતાં જમીનદારે હંસાબહેનની અડધી જમીન પચાવી પાડી હતી. જમીનદારે હંસાબહેનની જમીન લઈ લીધી. આ જમીનના બદલામાં હંસાબહેનને બીજી કોઈ જમીન કે રૂપિયા પણ આપતો ન હતો. હંસાબહેને છેવટે જમીન પરત લેવા માટે તાલુકા અદાલતમાં અરજી કરી.

જમીનદાર અને હંસાબહેને અદાલતમાં પોતપોતાની દલીલ કરી. ન્યાયાધીશે બંનેની દલીલો સાંભળી. ન્યાયાધીશે હંસાબહેનની તરફેણમાં ચુકાદો આપ્યો.

### વાંચો અને વિચારો :

- તાલુકા અદાલતમાં દીવાની દાવા જ સાંભળવામાં આવે છે.

- મકાન, જમીન કે સંપત્તિનો વિવાદ દીવાની વિવાદ કહેવામાં આવે છે.
- તાલુકા અદાલતમાં ન્યાય ન મળે, તો જિલ્લા દીવાની અદાલતમાં અરજી કરી શકાય.

### વડી અદાલત :

આપણા દેશમાં સૌથી ટોચની અદાલત સર્વોચ્ચ અદાલત છે. તેને અંગ્રેજીમાં Supreme court (સુપ્રીમ કોર્ટ) કહેવાય છે. પ્રત્યેક રાજ્યને વડી અદાલત (હાઈકોર્ટ) હોય છે. આપણી વડી અદાલત અમદાવાદમાં છે. આખા દેશની વડી અદાલતનાં કાર્યક્ષેત્ર નક્કી કરવામાં આવ્યાં છે. બધી જ વડી અદાલતો સમાન છે. વડી અદાલતને નજીરી અદાલત અથવા Court of Records (કોર્ટ ઑફ રેકોર્ડ્સ) કહેવાય છે. અદાલતમાં મુખ્ય ન્યાયાધીશને મદદ કરવા માટે અન્ય ન્યાયાધીશો હોય છે. વડી અદાલતમાં જાહેર હિતની અરજી કોઈ પણ વ્યક્તિ કરે છે. જો કોઈ ખોટી રીતે અરજી કરી અદાલતનો મહત્ત્વનો સમય બરબાદ કરે તો તેને દંડ પણ થઈ શકે છે.

**આટલું જાણો.**

- રાજ્યની વડી અદાલતના ન્યાયાધીશને રાજ્યપાલની સમક્ષ પ્રતિજ્ઞા લેવાની હોય છે.
- વડી અદાલતમાં સામાન્ય રીતે વકીલો જ દલીલ કરે છે. જરૂર જણાય, તો આરોપી-ફરિયાદીને બોલાવવામાં આવે છે.

### ગબ્બરનો ચુકાદો :

રાણપુરની વાત છે. ગામમાં એક લાલજી મુખી. શિયાળાના દિવસો હતા. અંધારું થવામાં હતું. આવા સમયે મુખી તેમના ખેતરથી પરત ઘરે આવતા હતા. ઓચિંતી ત્યાં એક ગાડી આવી. ગાડીમાંથી બે-ચાર માણસો નીચે ઊતર્યા. મુખી ઉપર હુમલો થયો. તેમને ગંભીર ઈજા થઈ. લાલજી મુખી ઉપર હુમલો કરનાર ગબ્બર હતો. ગબ્બર રાણપુરનો માથાભારે માણસ હતો. મુખીએ ગબ્બર ઉપર હુમલો કરવાનો આરોપ લગાવ્યો. ફરિયાદને આધારે પોલીસે ગબ્બરની આરોપી તરીકે ધરપકડ કરી. ગબ્બરને અદાલતમાં હાજર કરવામાં આવ્યો. મુખી અને ગબ્બરના વકીલોએ દલીલો કરી. ચુકાદો ગબ્બરની તરફેણમાં હતો. મુખીને ન્યાય ન મળ્યો. ગબ્બર છૂટી ગયો.

ગબ્બર હવે મુખીને ધમકાવતો હતો. મારી નાખવાની ધમકી પણ આપતો હતો. કંટાળીને મુખીએ વડી અદાલતમાં અરજી કરી. વડી અદાલતે બંને પક્ષની વાત સાંભળી. જિલ્લા અદાલતના ચુકાદા કરતાં અલગ ચુકાદો આવ્યો. વડી અદાલતે ગબ્બરને સજા કરી. જિલ્લા અદાલતના ચુકાદાની સામે વડી અદાલતમાં પણ ન્યાય મેળવવા જઈ શકાયું અને મુખીને ન્યાય મળ્યો.

**આટલું જાણો.**

- દરેક જિલ્લામાં ફોજદારી અદાલત હોય છે.
- ફોજદારી દાવામાં ફરિયાદના આધારે પોલીસ આરોપીને પકડે છે.
- ફોજદારી અદાલત ગુનાની ગંભીરતાને આધારે દંડ, સજા કે મૃત્યુદંડની સજા કરે છે.
- ચોરી, લૂંટફાટ, મારામારી, ખૂન, શારીરિક ઈજા કે ઝઘડાનો વિવાદ ફોજદારી વિવાદ છે.
- પોલીસને ગુનાની પ્રથમ જાણ થાય ત્યારે પોલીસ-સ્ટેશનમાં FIR (ફર્સ્ટ ઇન્ફોર્મેશન રિપોર્ટ નોંધે છે.

**વિચારો અને કહો :**

- નાનું ગામ. ગામનું નામ રતનપુર. અહીં એક જાદુગર રહે. જાદુગરનું નામ જમશેદજી. જમશેદજીના ઘરમાં એક વખત ચોરી થઈ. પણ હવે શું કરવું તેની ખબર નથી. જમશેદજી રાડો પાડતાં-પાડતાં બહાર આવ્યા. મદદ...મદદ... ચોર...ચો...ર. બધા બહાર આવી ગયા. ચોર ભાગી ગયા. હવે જમશેદજીએ શું કરવું પડે ?

**જૂગનુ :** જૂગનુ નામનો માથાભારે માણસ. બધા એનાથી ડરે. કોઈને લૂંટી લે. કોઈને મારી નાખે. આસપાસના સો કિલોમીટર સુધી કોઈ જૂગનુંનું નામ ન લે. આ વિસ્તારમાં એક સમાજસેવિકા બહેન આવ્યાં. તેમણે જૂગનુના ત્રાસથી બધાંને છોડાવવા તેની સામે ફરિયાદ કરી. ફોજદારી ગુનો હતો એટલે સીધી જિલ્લા અદાલતમાં ફરિયાદ કરી. અદાલતમાં કેસ ચાલ્યો પણ, જૂગનુની વિરુદ્ધમાં કોણ બોલે? બધા જૂગનુથી ડરે. બધાંના ડરને લીધે સેવિકાબહેન કેસ હારી ગયાં. ગામલોકોએ ડર રાખ્યા વગર સાચી જુબાની આપી હોત, તો અદાલતે શું ચુકાદો આપ્યો હોત ?

**વિચારો અને કહો :**

- અદાલતમાં કોણ-કોણ હોય ?
- અદાલતમાં કોણ-કોણ દલીલ કરે છે ?
- કેવા-કેવા વિવાદ અદાલતમાં આવે ?
- અદાલત ચુકાદો કેમ આપે ?
- અદાલત ચુકાદો ન આપે તો શું થાય ?
- અદાલતનો ચુકાદો અસ્વીકાર્ય હોય, તો શું થાય ?
- અદાલતમાં જવાના પૈસા ન હોય, તો શું થાય ?



3.4 મોક-અદાલત

## આટલું જાણીએ

- ન્યાયની પ્રક્રિયા સાથે જોડાયેલા વ્યક્તિને મળો.
- આ વ્યક્તિ પાસેથી નીચે મુજબની માહિતી એકઠી કરો :

| શબ્દ | અર્થ |
|---|---|
| ફરિયાદી | |
| જજ | |
| વકીલ | |
| દીવાની દાવા | |
| ફોજદારી દાવા | |
| ધરપકડ | |
| વૉરન્ટ | |
| અપીલ | |
| એફ.આઈ.આર. | |
| અસીલ | |
| જુબાની | |
| અટકાયત | |

| ગુનાની વિગત | કઈ અદાલતમાં દાવો કરાય ? | શું કરશો? |
|---|---|---|
| ઘરમાં ચોરી થઈ. | | |
| કોઈએ ઘર પચાવી પાડ્યું છે. | | |
| લૂંટફાટ કરી ચોર ભાગ્યા છે. | | |
| તાલુકા અદાલતમાં ન્યાય ના મળ્યો. | | |

અદાલતો ન્યાય આપવાનું કામ કરે છે. અદાલતમાં ન્યાય આપવામાં ખોટું ના થાય તે માટે ખૂબ જ ઝીણવટથી ચકાસણી કરવાની હોઈ ન્યાય આપવામાં ક્યારેક સમય લાગે છે.

અદાલતોનાં ભારણ ઘટાડવા માટે લોક-અદાલતો પણ કાર્યરત છે. લોક-અદાલતો લોકોને સમાધાન કરાવી સહમતી સાથે ચુકાદો આપે છે.

## સ્વાધ્યાય

**1. ટૂંકમાં જવાબ આપો :**

(1) અદાલતોની જરૂર કેમ પડી છે?

(2) જિલ્લા અદાલતમાં કેવા વિવાદ આવે છે?

(3) આપણા રાજ્યની વડી અદાલત કયા શહેરમાં આવેલી છે?

**2. પ્રશ્નોના જવાબ આપો :**

(1) પહેલાના વખતમાં ન્યાય આપવાની શું વ્યવસ્થા હતી?

(2) તમારી સૌથી નજીક અદાલત ક્યાં આવેલી છે?

(3) અદાલતો કેવા વિવાદ સાંભળે છે?

વિગત વાંચો, વિચારો અને લખો :

| ક્રમ | વિગત | કયા પ્રકારની ફરિયાદ કહેવાય ? | | કઈ અદાલતમાં કાર્યવાહી ચાલશે ? | | |
|---|---|---|---|---|---|---|
| | | દીવાની | ફોજદારી | તાલુકા અદાલત | જિલ્લા અદાલત | વડી અદાલત |
| 1. | ફળિયામાં ઝઘડો થયો. માજીને વાગ્યું. | | | | | |
| 2. | સોના-ચાંદીના દાગીનાની ચોરી થઈ. | | | | | |
| 3. | હુમલો થયો. | | | | | |
| 4. | જિલ્લા અદાલતના ચુકાદાથી સંતોષ ના થયો. | | | | | |
| 5. | વાહનને અકસ્માત થયો. | | | | | |